# <u>प्राकृत शिलालेखों का सामाजिक अवदान</u>
## <u>(सम्राट् अशोक एवं सम्राट् खारवेल के प्राकृत शिलालेख)</u>

- પ્રો. ડૉ. જિનેન્દ્રકુમાર જૈન

### ➢ <u>પ્રસ્તાવના:</u>

આપણે બધા જાણીએ છીએ કે આપનું જે સાહિત્ય છે તે સમાજનું પ્રતિબિંબ છે. જે ચીજ અદ્રશ્ય હોય છે તેને સાહિત્યના માધ્યમથી સમાજ સામે લાવવાનો પ્રયત્ન કરીએ છીએ. એવી જ રીતે જુના દસ્તાવેજોને સુરક્ષિત રાખવાનો પ્રયાસ આપણા સમાજમાં થયો. પાંડુલિપીઓનું ઘણા પ્રમાણમાં આવું સાહિત્ય આપણી સમક્ષ સુરક્ષિત થયું પણ છે અને ગ્રંથ ભંડારોમાં પણ મળી આવે છે. પરંતુ આ પાંડુ લિપિના લેખન પહેલા આપણા સાહિત્યને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન આપના દેશમાં થયો તો તે શિલાલેખોના માધ્યમ દ્વારા થયો. મુખ્યત્વે આ જ શિલાલેખ આપણા પ્રાચીન દસ્તાવેજ સમાન બનીને ઉભા રહ્યા. પ્રાકૃત શિલાલેખોના સંદર્ભમાં જોઈએ તો સમ્રાટ અશોક અને સમ્રાટ ખારવેલના શિલાલેખો આપણા એ તત્કાલીન સમયની અનેક સાહિત્યિક, સામાજિક, ધાર્મિક, પ્રશાસનિક જેવી અનેક ગતિવિધિઓને ઉજાગર કરવામાં સમર્પિત છે. અશોક અને ખારવેલે તેમાં પ્રાકૃત ભાષાનો ઉપયોગ કર્યો છે. આજથી લગભગ ૧૮૦૦ થી ૧૯૦૦ વર્ષ જૂની સામગ્રી આપણી સામે પ્રાપ્ત થાય છે. એ એક એવી સામગ્રી છે જે સમાજ માટે આજે પણ અનુકરણીય છે. એ સમયની સમાજની વ્યવસ્થાઓ એ શિલાલેખોમાં આપણને જોવા મળે છે.

અહીંયા જે શિલાલેખોની વાત કરવાની છે તે ધાર્મિક અનુષ્ઠાનોના સંદર્ભમાં, જીવ-હત્યાના સંદર્ભમાં, પ્રદર્શનનો નિષેધ કરવાના સંદર્ભમાં, પર્યાવરણની સુરક્ષાના સંદર્ભમાં, વ્યક્તિ-સમાજ અનેડ રાષ્ટ્રહિત માટે શિલાલેખોનું શું મહત્વ છે. 'સર્વ ધર્મ સમભાવ', કર્તવ્ય પાલન તથા સંયમની સાધના કઈ રીતે આપણે કરી શકીએ તે શીલાલેખોના આચાર્યો – સમ્રાટ અશોક અને ખારવેલે જે પ્રમાણે તેનો નિદેશ કર્યો એ વિષયમાં વિસ્તૃત માહિતી મેળવીએ.

### ➢ <u>સમય :</u>

સમ્રાટ અશોકનો સમય આશરે ઈ.પૂ ત્રીજી સતાબ્દીનો માનવામાં આવે છે. એવું પણ માનવામાં આવે છે કે, ઈ.પૂ. ૨૬૯ અથવા ૨૭૩માં તેમનો રાજ્યાભિષેક થયેલો હતો. એ સમયમાં રાજા બનવાની ઉમર ૨૪ વર્ષની હતી. શરૂઆતમાં યુવરાજ અને પછીથી તેમને રાજા બનાવવામાં આવ્યા. સમ્રાટ ખારવેલની વાત કરીએ તો તેમનો સમય ઈ.પૂ પહેલી શતાબ્દી અથવા પહેલી શતાબ્દીનો માનવામાં આવે છે. એટલું તો જરૂર કહી શકીએ

કે સૌથી પ્રાચીન જો કોઈ દસ્તાવેજ હોય તો તે સમ્રાટ અશોક અને સમ્રાટ ખારવેલના શિલાલેખો છે. જૈન આગમની શરૂઆત પણ ત્યારથી જ થઇ ગઈ હોવાનું માનવામાં આવે છે. પરંતુ તે લિખિત રૂપમાં ન હતું.

સમ્રાટ અશોક અને સમ્રાટ ખારવેલના શિલાલેખો બ્રાહ્મી લિપિમાં લખાયેલ છે. જૈન આગમોમાં ૧૮ લિપિનો ઉલ્લેખ થયો છે. તેમાં સૌથી પ્રાચીન અને સૌથી સહજ બ્રાહ્મી લિપિ છે. અશોક શિલાલેખમાં બે શિલાલેખ એવા છે જે અલગ લિપિમાં પણ લખાયેલી છે. પરંતુ તેની ભાષા પ્રાકૃત જ છે. અશોકે રાજઆજ્ઞાના શિલાલેખ પણ બનાવ્યા છે. એ શિલાલેખોમાં જે વાત થઇ છે જેમાં આદેશ નથી પણ આજ્ઞાના રૂપે ઉલ્લેખ ન કરતા નિર્દેશ થયો છે.

## ➢ <u>સમ્રાટ અશોકના શિલાલેખો :</u>

અશોકનો શિલાલેખ પૂરા ભારતમાં ફેલાયેલો છે. સૌથી વધારે શિલાલેખો લખાવવાનો શ્રેય જો આપણે સમ્રાટ અશોકને આપીએ તે તેમાં કોઈ અતિશયોક્તિ નથી. અશોકના શિલાલેખોની વિવિધતા પણ એટલી જ અદ્દભૂત છે. તેના મુખ્ય શિલાલેખના પણ ૧૪ શિલાલેખો છે. જે સાત અલગ-અલગ સ્થાનો પર છે. ગુજરાતમાં ગિરનારની તળેટી પહેલા એક શિલાલેખમાં કુલ ૧૪ શિલાલેખોનો સમાવેશ થાય છે. એવા જ શિલાલેખો અલગ અલગ સાત જગ્યાએ મળે છે. જેમાં શાહબાજ ગઢી પેશાવર પાકિસ્તાન, માનસેહરા હજારા પાકિસ્તાન, ધૌલી પુરી ઓરીસા, જોનગઢ ગંજામ ઓરીસા, કાલસી દહેરાદુન ઉતરાંચલ, સોપાર થાના મહારાષ્ટ્ર, કરરકુડી કુનુર આંધ્રા અને ગિરનાર જૂનાગઢ ગુજરાત વગેરેનો સમાવેશ થાય છે. દરેક જગ્યાએ એક સરખા જ ૧૪ શિલાલેખો જોવા મળે છે. આ બધા એવા સ્થળો છે જ્યાં લોકોની અવાર-જવર એ સમયમાં સૌથી વધારે પ્રમાણમાં થતી હતી. અશોકે પાંચ સ્થાનોએ સ્તંભ લેખો પણ લખાવ્યા. અને તે પાંચ સ્થળોએ લખાવ્યા. એક ટોપરા – દિલ્હી, તેમાં સાત અભિલેખ છે. અને બાકીની ચાર જગ્યાએ એક થી છ છે. આમ પ્રમુખ ૧૪ શિલાલેખ અને ૫ સ્તંભો અને બાકીના શિલાલેખો સમગ્ર ભારતમાં જગ્યાએ જગ્યાએ નાના-મોટા મળી આવે છે. એ શિલાલેખોની ગણના તો થાય છે પરંતુ તેમાં વધુ લખાણ પ્રાપ્ત નથી થતું. એટલા માટે તે એટલા પ્રસિદ્ધ નથી થયા. આમ, અશોકના શિલાલેખો ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં મદદરૂપ થાય છે.

આપણે જાણીએ છીએ કે સારું કામ કરવું ખૂબજ કઠિન હોય છે. સારા કામ કરવામાં જ અનેક અડચણો આવતી હોય છે. અશોકે પોતાના પંચમ શિલાલેખમાં કહ્યું કે, કલ્યાણ કરવું ઘણું કઠીન છે. વાસ્તવમાં તમે કોઈની સેવા કે સહાયતા કરવા માંગો છો તો એક વખત વિચારશો પરંતુ પાપ કરવું હશે તો અજાણતા પણ થઇ જશે અને જાણી–જોઇને કરવામાં પણ કેટલેક અંશે સમર્થ થઇ જઈએ છીએ. એના માટે કોઈ સંસાધકની જરૂર નથી પડતી. સમાજની વ્યવસ્થા અને લોકોની મનોવૃત્તિ એવી છે કે કલ્યાણ કરવું હોય તો ઘણો પ્રયત્ન કરવો પડે, ઘણાં લોકોના સહયોગની પણ જરૂર પડે ત્યારે જ કલ્યાણ કરી શકીએ. પરંતુ કહેવામાં આવ્યું છે કે પાપ કરવું ઘણું સુકર, સહજ અને સરળ છે. આમ અશોકે લોકમંગલ, રાષ્ટ્રહિતની દ્રષ્ટિથી જે વાત કહેવી છે તે

પોતાના શિલાલેખોમાં કહી છે. એનો પ્રારંભ 'રાજઆજ્ઞા' નહીં પરંતુ '**ધર્મલિપિ**' કહીને કર્યો છે. અહીં ધર્મ એટલે પૂજા પાઠ કરવો એવું નથી. પરંતુ કર્તવ્ય, આચરણ, દાયિત્વને ધર્મ કહ્યો છે. સાચા ધર્મ વિશેનો નિર્દેશ આપતા તેઓ કહે છે કે, 'દેવતાઓના પ્રિય એવા પ્રિયદર્શી રાજા દ્વારા આ લખાયેલી છે.' અહીં સમ્રાટ અશોકે પોતાને પ્રિયદર્શી કહ્યો છે. પરંતુ સમ્રાટ અશોક આત્મ પ્રશંસા કરે એ સંભવ નથી લાગતું. જેણે પણ આવું લખ્યું હશે તેઓએ સંભવ છે કે રાજાના ગુણગાન માટે આ શબ્દ પ્રયોગ કર્યો હશે. કલિંગ યુદ્ધ બાદ રાજા અશોકનું જે હૃદય પરિવર્તન થયું તેના લીધે જનતાએ સમ્માનથી તેમની ગણના કરવા લાગી. અશોકે મનુષ્યો અને પશુઓના લોકમંગલ હિતકારી દ્રષ્ટીએ પણ વાત કરી છે. સમાજમાં પશુઓ અને મનુષ્યોના ઉપભોગ માટે જે ચિકિત્સા વ્યવસ્થા છે તેના માટે પોતે સુદૃઢ વ્યવસ્થા કરવા માંગતા હતા. બે પ્રકારની ચિકિત્સા વ્યવસ્થા તેમણે આપી. જ્યાં-જ્યાં વ્યવસ્થા ન્હોતી ત્યાં દવાઓનું ઉત્પાદન પણ કરવામાં આવશે. સમાજને ઉપયોગી આવા સૂત્રો સમ્રાટ અશોકે પોતાના શિલાલેખોમાં લખ્યા છે. સમાજમાં ઘણા બધા નકારાત્મક અભિગમો પણ જોવા મળે છે. સમાજના ઘણા દોષોને જુએ છે. જ્યાં ધાર્મિક આયોજન થાય છે, સામાજિક બેઠકો થતા હોય છે, તેમાં રાજા દ્વારા ઘણા દોષોને જોવામાં આવે છે ત્યારે આવા આયોજનોનો વિરોધ પણ કર્યો છે. એ પ્રકારનો સમાજ છે એ તેમને માટે સાધુ છે. પરંતુ બીજા આયોજનો છે તેનો નિષેધ કર્યો છે. આ રીતે તેઓએ આવી આજ્ઞા દ્વારા લોકમંગલ કાર્યોને ઉત્તેજન આપ્યું. સામાજિક દ્રષ્ટિથી જોઈએ કે વ્યક્તિ અહિંસક પ્રવૃત્તિ ધરાવનાર છે, પરંતુ સમાજની અમુક વ્યવસ્થાઓ એવી હોય છે જેના લીધે મનુષ્ય હિંસક બની જતો હોય છે. અશોક કહે છે, 'મારા રાજ્યોમાં પણ આવી પ્રવૃત્તિ થાય છે જ્યાં જીવોને મારીને સૂપ બનાવે છે, મનોરંજન કરે છે. હવેથી હું આવી પ્રવૃત્તિઓનું એકદમથી તો નિષેધ નહીં કરી શકું પરંતુ ત્રણ પ્રાણીઓની બે મોર અને એક મૃગની જ આજ્ઞા આપીશ, જેને ભોજનાલયોમાં વધ કરવાનો આદેશ આપીશ. પરંતુ તે હમેશા માટે નહીં. પછીથી તે પણ નિષેધ કરવામાં આવશે. આ રીતે 'જીવદયા'ને લઈને પણ સમ્રાટ અશોક ખૂબજ જાગૃત હતા. અને અનેક મંગલકારી કાર્યો કર્યા. પ્રાકૃત શિલાલેખોમાં તેણે પોતાના શાસનને સમગ્ર ભારતમાં અનેક અધિકારીઓને નિયુક્ત કરીને જનતા સુધી પોતાની વાત પહોંચાડી શકે. તેમાં ચાર અધિકારીઓની વાત આવે છે. અશોકે પોતાના સામ્રાજ્યમાં સ્ત્રીને પણ ધર્મ પ્રચાર માટે નિયુક્ત કરી હતી અને પ્રશાસનનું વિકેન્દ્રીકરણ કર્યું. તેઓએ નાના નાના સ્થળે જઈને લોકોને પ્રભાવિત કરવામાં મદદ કરી હતી.

અશોકના આ શિલાલેખોમાં મહત્વપૂર્ણ દાયિત્વ આપણા પરિવારને લઈને છે. પરિવારના સંબંધ કેવા હોવા જોઈએ, સમાજ માટે આપણું કર્તવ્ય શું હોવું જોઈએ, આવી ચીજોનું અશોકે ખૂબજ સુંદર વર્ણન અને સુંદર વ્યવસ્થા આપી. સમાજમાં, પરિવારમાં, રાષ્ટ્રમાં માતા-પિતાની સેવા કરવા પ્રતિ ઉચિત વ્યવહાર હોવો જરૂરી છે. તેઓ સાથે કોઈ અન્યાય ન થવો જોઈએ. આ રીતે ઘણી ચીજો સમ્રાટ અશોકે પોતાના શિલાલેખો દ્વારા સમાજને આપી છે.

## ➢ <u>સમ્રાટ ખારવેલનો શિલાલેખ :</u>

ખારવેલનો ફક્ત એક જ શિલાલેખ મળે છે. તે ફક્ત ૧૭ પંક્તિઓમાં વિભક્ત છે. તે '**હાથીગુંફા**' નામથી પ્રસિદ્ધ છે. ઓરિસ્સામાં ભૂમેશ્વર પાસે ઉદયગિરીની ગુફાઓમાં જેનો આકાર હાથીની ગુફાઓ જેવો છે. સમ્રાટ ખારવેલના શિલાલેખમાં આપણા ભારતની પ્રતીતિ, સમાજની જાણકારી, ધાર્મિક નીતિનું વર્ણન જોવા મળે છે. સમન્વયવાદી દ્રષ્ટિકોણ ધરાવતા ખારવેલ પ્રાકૃતમાં જ નહીં પણ સ્વતંત્ર શાસકની દ્રષ્ટીએ પણ ખૂબ પ્રભાવશાળી રહ્યા છે. તેમાં રાજ્યાભિષેક પછીના ૧૩ વર્ષોના શાસનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેર વર્ષોમાં તેમને છ વર્ષ યુદ્ધ કર્યું અને સાત વર્ષ પોતાના સામ્રાજ્યમાં શાંતિ વ્યવસ્થા, સામાજિક કાર્ય, પ્રજાના હિત-સુખની વાત કરી. આ દ્રષ્ટીએ સમ્રાટ ખારવેલની નીતિ લૂંટ પર આધારિત હતી. એટલે કે એક વર્ષના યુદ્ધ પછી જે સંપતિ મળતી હતી તે બીજા વર્ષે પોતાના રાજ્યના કલ્યાણ માટે ઉપયોગમાં લેતો હતો. એટલું તો જરૂર છે કે, તેના પૂરા શાસનકાળને લૂંટ પર આધારિત હોવા છતાં તેને એવા કાર્યો કર્યા જે એક શાસક જ કરી શકે, કોઈ સામાન્ય માણસ કરી શકે નહીં. તની ધાર્મિક નીતિ, સામાજિક કાર્યો, ધર્મ પ્રચારના પ્રયત્નો વગેરેમાં પ્રજાના સુખની જે વાત કરી તે ઉચ્ચ કોટિની છે. તેને સૌથી પહેલા પોતાના શિલાલેખમાં 'નમો અરિહંતાણમ્'નો ઉલ્લેખ કરી પ્રણામ કર્યા છે અને સૌથી છેલ્લે કુમારી પર્વત પર જ્યાં શિલાલેખ લખાવ્યો ત્યાના બ્રામ્હણો, જૈન પરંપરાના અનુયાયીઓ, શ્રમણો વિષે ઉલ્લેખ કર્યો છે જેના લીધે સાબિત થાય છે કે સમ્રાટ ખારવેલ જૈન અનુયાયી હતો. ૩૦૦ વર્ષ પહેલા જે જિન પ્રતિમા નંદ વર્ષના સમયે પ્રતિસ્થાપિત કરવામાં આવી હતી, તે પ્રતિમાને ખારવેલ ત્યાંથી જીતીને લાવી પોતાના રાજ્યમાં પુનઃસ્થાપિત કરે છે. આવા બે ત્રણ સંદર્ભો મળે છે જેના લીધે સાબિત થાય છે કે તે જૈન અનુયાયી જ હતો. પરંતુ તે ફક્ત જૈન અનુયાયી જ નહોતો. તેને સમસ્ત ધર્મોનું સમુદાયના રૂપમાં પ્રચાર કર્યો. તેને રાજસુઈ યજ્ઞ પણ કર્યો હતો. જેનો ઉલ્લેખ રામાયણમાં પણ કરવામાં આવ્યો હતો કે રાજસુઈ યજ્ઞ ચક્રવર્તીને પ્રાપ્ત થયા પછી કરવામાં આવે છે. ફક્ત જૈન ધાર્મિક આયોજન નથી કર્યું પરંતુ સમસ્ત ધર્મો અને સંપ્રદાયોનું પોતાના રાજ્યમાં ઉદ્દઘાતિટ કર્યું. અનેક પ્રજાઓમાં કર માફ કર્યા, યુદ્ધ કરીને પણ જીતેલી સંપતિને પ્રજાના સુખ માટે ઉપયોગમાં લેતો. આમ તેર વર્ષોના શાસન કાળ દરમ્યાન સાત વર્ષ શાસનને સાંભળ્યું તેમાં વિવિધ અનુગ્રહો દ્વારા અનેક કર્યો કર્યા. ગર્વની વાત એ છે કે તે જયારે યુદ્ધ કરવા જતો હતો તો, દક્ષિણમાં જવું હોય તો પશ્ચિમથી જ તેની સેનાને ગોઠવતો. મહત્વકાંક્ષી હતો પણ તેના શાસનના સંચાલન અને પ્રજાના હિત માટે જ મહત્વકાંક્ષી હતો. તેની અનેક રાણીઓનો ઉલ્લેખ પણ મળે છે. તેને પોતાના પરિવાર અને પ્રજાના સુખ માટે ઘણા કર્યો કાર્ય. સમ્રાટ ખારવેલ દ્વારા ભારત વર્ષનો ઉત્તરપદ માટે જે ઉલ્લેખ આવ્યો છે તેના પરથી જ ભારતીય સંવિધાનમાં પણ ખારવેલના ચિત્ર દ્વારા કહેવામાં આવ્યું છે કે તેમના લીધે આપના દેશનું નામ ભારત પડ્યું છે.

આમ, આ એક ગર્વ લેવા જેવી વાત છે કે, ખારવેલના શિલાલેખ ભારત દેશ માટે પ્રાચીન દસ્તાવેજનું કામ કરે છે.

સમ્રાટ અશોક અને ખારવેલ એવા શાસકો હતા, જેણે શિલાલેખોના માધ્યમથી સામાજિક નીતિને એટલી ઉપર લાવી, પોતાના સામ્રાજ્યમાં જે સ્થાનોનું નિર્માણ કરાવ્યું, જે નામકરણ કર્યું તે જૈન ધર્મ સાથે સીધો સંબંધ ધરાવે છે.

*****************************

JAIN SAHITYA ACADEMY TRUST